સાપ્તાહિક

# ક્રાઈમ કિંગ

CRIME KING (weekly)

EDITOR : NIKITA R. SAXENA
(MO) 98796 16556
E-mail : crimekingnews.gmail.com

RNI NO : GUJGUJ/2014/56392

PRINTED MATTER

To, ____________________

★ AT : 45, KONARAK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SARBARMATI, AHMEDABAD - 380019.

★ YEAR : 9★ Issue No. 26★ Date : 14-10-2022 ★ Friday ★ Page No. 4 Rs, 01.00 ★ Annual Rs. 50/-

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેડિસિટી અમદાવાદ ખાતે રૂ. ૧૨૭૫ કરોડના વિવિધ આરોગ્યલક્ષી પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા



અમદાવાદ

ગુજરાતમાં વિશ્વ કક્ષાની અત્યાધુનિક વિવિધ આરોગ્ય સુવિધાઓના સ્વપ્નદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદમાં સિવિલ મેડિસિટી ખાતેથી રૂ. ૧૨૭૫ કરોડના વિવિધ આરોગ્યલક્ષી પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, સંસાધનોમાં સંવેદના જોડાય ત્યારે તેનો ઉપયોગ પરિણામલક્ષી બની શકે છે. જેનો લાભ ગરીબ, મધ્યમવર્ગ, મહિલાઓ અને બાળકોને મળે છે. સંસાધનો સાથે સંવેદના જોડાતા સંસાધનો સેવાનું ઉત્તમ માધ્યમ બને છે. વડાપ્રધાનશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, શિક્ષણ અને સ્વાસ્થ્ય આ બે ક્ષેત્રો એવા છે જે માત્ર વર્તમાન જ નહીં પરંતુ ભવિષ્યને પણ સુરક્ષિત કરવાનું સમાર્થ્ય ધરાવે છે.

અમદાવાદ સિવિલ મેડિસિટીમાં વિવિધ આરોગ્ય પ્રકલ્પોને ખુલ્લા મુકતા વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, અમદાવાદ-ગુજરાતમાં વિશ્વની સૌથી એડવાન્સ મેડિકલ ફેસિલીટી ધરાવતી મેડિસીટી કાર્યાન્વિત થતા અમદાવાદ આજે મેડિકલ ટુરિઝમનું હબ બન્યું છે. મેડિસિટી માત્ર આરોગ્યની એક સંસ્થા જ નહીં પરંતુ ગુજરાતના સામર્થ્યનું પ્રતિક છે.

વડાપ્રધાનશ્રીએ આ અવસરે ૮૫૦ બેડની અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ દેશની સૌથી મોટી કિડની હોસ્પિટલનું લોકાર્પણ, સિવિલ મેડિસિટીમાં ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્ટિટ્યૂટના ૧-સી બ્લોક તથા યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરની નવનિર્મિત ઈમારતનું લોકાર્પણ, સોલા સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ન્યૂ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, ભીલોડા અને અંજાર ખાતે સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ તથા અસારવા સિવિલ કેમ્પસમાં મેડિકલ ગર્લ્સ હોસ્ટેલ અને રૈનબસેરાનું ખાતમુહૂર્ત કર્યુ હતું.

તેમણે રાજ્ય સરકારના ''વન ગુજરાત-વન ડાયાલિસિસ'' કાર્યક્રમ અંતર્ગત કુલ ૧૮૮ ડાયાલિસિસ સેન્ટર તથા રાજ્યમાં જિલ્લા મથકો પર ૨૨ (બાવીસ) ડે કેર કિમોથેરાપી સેન્ટરનો શુભારંભ કરાવ્યો અને નવિન ૧૮૮ ડાયાલિસિસ સેન્ટર સાથે ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ (GDP) અંતર્ગત રાજ્યમાં કુલ ૨૭૦ નિ:શુલ્ક ડાયાલિસિસ સેન્ટરો કાર્યરત કરાવ્યા હતા. વડાપ્રધાનશ્રીએ વધુમાં કહ્યું કે, આજથી ૨૦ વર્ષ પહેલાં રાજ્યની વ્યવસ્થાઓને અનેક બીમારીઓએ જકડી રાખી હતી.

આરોગ્ય ક્ષેત્રે અપૂરતી સુવિધાઓ, શિક્ષણની વ્યવસ્થાઓમાં અભાવ, વીજળીમાં અવરોધ, પાણીની તંગી, કાયદો વ્યવસ્થાની કથળેલી પરિસ્થિતી અને સૌથી વિશેષ વોટ બેંકના રાજકારણે ગુજરાતના વિકાસને અવરોધી રાખ્યો હતો. પરંતુ અમે આરોગ્ય સુવિધાઓની સાથે સાથે, સમાજ વ્યવસ્થાના સુધારથી ગુજરાતને વિકાસના પંથે લઈ જવા તબીબોની જેમ જ સારસંભાળનો અભિગમ અપનાવીને કાર્ય કર્યું.

આ અંગે વિસ્તૃત જાણકારી આપતા તેમણે કહ્યું કે, સર્જરી દ્વારા જુની સરકારી વ્યવસ્થાઓમાં સમૂળગું પરિવર્તન, દવાઓ સ્વરૂપે નવી વ્યવસ્થાઓ ઉભી કરવાના નિત્યનવા પ્રયાસો અને સારસંભાળ સ્વરૂપે લોકોની તકલીફો-પીડાઓ દૂર કરવા સંવેદનશીલતા અને પારદર્શિતાથી કામ કર્યું. આ યજ્ઞથી ગુજરાત આજે સુખ સુવિધાઓમાં અગ્રેસર બન્યું છે.

વડાપ્રધાનશ્રીએ વન અર્થ, વન હેલ્થ મિશનનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, આ અભિગમથી કામ કરીશું તો જ વિશ્વમાં સુખાકારી વધશે. કોરોનાના સમયમાં કેટલાય દેશોમાં વેક્સિનનો એક પણ ડોઝ મળ્યો ન હતો ત્યારે આ અભિગમથી જ આપણે દુનિયામાં અનેક દેશોમાં જ્યાં જરૂર હતી ત્યાં સ્વદેશી વેક્સિન પહોંચાડી હતી. કોરોના સામેની લડતમાં હોલિસ્ટિક એપ્રોચ સાથે બહુઆયામી પ્રયાસો ભારતે હાથ ધર્યા હતા.

રાજ્યમાં મેડિકલ ક્ષેત્રે છેલ્લા ૨૦ વર્ષમાં ઉભી કરાયેલી સુવિધાઓનો ઉલ્લેખ કરતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, ૨૦ વર્ષ પહેલા રાજ્યમાં માત્ર ૯ મેડિકલ કૉલેજ હતી આજે ૩૬ મેડિકલ કૉલેજ કાર્યરત બની છે. જેમાં અગાઉ યુ.જી,પી.જીની ૨૨૦૦ બેઠકો હતી જે પણ વધીને આજે ૮૫૦૦ થઈ છે.

ગુજરાતમાં જે કાર્યસંસ્કૃતિ વિકસાવી તેની રાહ પર સમગ્ર દેશમાં પણ વિકાસ કાર્યો હાથ ધર્યા તેના પરિણામે ૮ વર્ષમાં દેશમાં નવી ૨૨ એઈમ્સની શરૂઆત કરી છે. જેમાંથી ગુજરાતના રાજકોટમાં પણ એક એઈમ્સ કાર્યરત બની છે. સાથે સાથે સરકારી હોસ્પિલમાં જે-તે સમયે ૧૫૦૦૦ બેડ હતાં જે આજે વધીને ૬૦ હજાર થયા છે. એટલું જ નહીં. પી.એચ.સી., સી.એચ.સી. અને વેલનેસ સેન્ટરનું સુદ્રઢ નેટવર્ક ગુજરાતમાં તૈયાર થયું છે.

ગુજરાત આવનારા સમયમાં મેડિકલ, ફાર્મા, બાયોટેક રીસર્ચ ક્ષેત્રે સમગ્ર દુનિયામાં પરચમ લહેરાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કરીને વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, આજે રાજ્યમાં ૧૮૮ ડાયાલિસિસ કેન્દ્રો અને ૨૨ ડે કેર કિમો થેરાપી સેન્ટર કાર્યરત બન્યા છે જે લોકોની આરોગ્ય સુખાકારીમાં વધારો કરશે. દેશના દરેક જિલ્લામાં ડાયાલિસીસ સેન્ટર કાર્યરત કરવાના પ્રયાસો હાથ ધર્યા છે જ્યાં સંસાધનો સાથે સંવેદનાઓ જોડાય છે ત્યારે સંસાધન સેવાનું ઉત્તમ માધ્યમ બને છે તેનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, ગુજરાતમાં ચિંરજીવી યોજના, ખિલખિલાટ યોજના, મિશન ઈન્દ્રધનુષ, માતૃવંદના યોજનાના અસરકારક અમલીકરણના પ્રયાસોથી માતા અને શીશુ મૃત્યુદરમાં ઘટાડો થયો છે. બેટી બચાવો, બેટી પઢાઓ અભિયાનના પરીણામે દેશના ઈતિહાસમાં પ્રથમ વખત દીકરાઓના સાપેક્ષે દીકરીઓની સંખ્યામાં વધારો થયો છે. ડબલ એન્જિન સરકારથી નાગરિકોને થતા લાભનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, વિશ્વની સૌથી મોટા આરોગ્ય વીમા કવચ પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના અને ગુજરાતની મા યોજનાનું સંકલન આજે ગુજરાતના ગરીબો અને મધ્યમવર્ગીય પરિવારોની ચિંતા દૂર કરીને આરોગ્ય સુખાકારીમાં વધારો કરી રહ્યું છે. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની સાડા ૬ કરોડની જનતાને આરોગ્ય સુરક્ષા-સુખાકારી માટે રૂ. ૧૨૭૫ કરોડના વિવિધ પ્રકલ્પોની ભેટ આપી છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી એવા લોક નેતા છે, જે લોકોની નાડ પારખીને તેમને જોઈતી સુવિધાઓ આપવાનું સમયબદ્ધ આયોજન કરે છે. આજે આપણે જે મેડિસીટીનું આધુનિક સ્વરૂપ જોઈ રહ્યા છીએ તે શ્રી નરેન્દ્રભાઈના વિઝનને આભારી છે, એવું તેમણે ઉમેર્યંસ હતું. મુખ્યમંત્રી શ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈએ સારવાર સુવિધામાં માનવીય અભિગમ અપનાવ્યો છે. આ અભિગમને કારણે જ આજે અમદાવાદ મેડીસિટીમાં અદ્યતન સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજ, કિડની હોસ્પિટલ, કેન્સર હોસ્પિટલ, હૃદયની હોસ્પિટલ અને નર્સિંગ કોલેજ કાર્યરત છે. આ મેડીસિટીમાં દર્દીના સગાને રહેવા-જમવા માટેની ઉત્તમ સગવડો પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. એટલું જ નહીં, ડોક્ટર્સ, મેડિકલ સ્ટુડન્ટ્સ માટે એકોમોડેશન, નવી લેબોરેટરી સહિતનું આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અહીં વિકસાવવામાં આવ્યું છે.

રાજ્યના આરોગ્ય માળખાની વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, અમદાવાદ સિવિલ મેડીસિટીનો વિકાસ પણ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ગુજરાતની વિકાસ યાત્રાની સાથે-સાથે થયો છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રીનો કાર્યભાર સંભાળ્યો ત્યારથી જ અમદાવાદ સિવિલ હોસ્પિટલ સહિત રાજ્યના આરોગ્ય માળખાને સુદઢ કરવા માટેની પહેલ કરી દીધી હતી. અસારવાનું આ મેડીસિટી જનતા માટે આરોગ્ય સેવા મેળવવાનું 'ઓલ ઈન વન સેન્ટર' બન્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું. કોવિડ દરમ્યાન સરકારે કરેલાં કાર્યોની વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં રાજ્યની સમગ્ર આરોગ્ય પ્રણાલિને કોવિડ મહામારી સામે લડવા કામે લગાડી હતી તેમાં આ મેડીસિટી-સિવિલ હોસ્પિટલનું વિશેષ યોગદાન રહ્યું છે. એટલું જ નહીં, દેશમાં કોરોના વિરોધી સ્વદેશી રસીનું નિર્માણ થયું અને વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં પાર પાડ્યું હતું, જેમાં ગુજરાત દરેક તબક્કે અગ્રેસર પણ રહ્યુ છે.

મુખ્યમંત્રીશ્રીએ વિશ્વની સૌથી મોટી હેલ્થ સ્કીમ આયુષ્માન ભારત યોજના વિશે વાત કરતા કહ્યું કે, આજે ભારત સરકાર અને ગુજરાત સરકાર એમ ડબલ એન્જિન સરકારને પરિણામે ગુજરાતની ૩૦૦૦ જેટલી હોસ્પિટલમાં ૨૭૦૦ જેટલી વિવિધ આરોગ્ય સેવાઓ દર્દીઓને કેશલેસ મળી રહી છે. સમારંભના પ્રારંભે વડાપ્રધાન શ્રીએ મુખ્યમંત્રી શ્રી તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં સિવિલ મેડિસિટીના મોડેલને નિહાળ્યું હતું. વડાપ્રધાનશ્રીએ ડાયાલિસિસના અને ડે-કેર કિમો થેરાપીના દર્દીઓ સાથે સંવેદનાસભર સંવાદ સાધ્યો હતો. મોરવા હડફના દર્દી ખેડૂત શ્રી ભીમસિંહ બારીયા, જુનાગઢના મુકેશકુમાર સંધવી અને વઘઈના મનોજભાઈ ચૌધરીની સ્વાસ્થ્ય પૃચ્છા કરીને તંદુરસ્ત જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.

# તંત્રી લેખ...

## ચૂંટણી પંચની સક્રિયતા

રેવડી કલ્ચરને લઈને ચર્ચા વચ્ચે ચૂંટણી પંચ દ્વારા રાજકીય પક્ષોને લખેલ એ પત્ર મહત્ત્વપૂર્ણ છે કે તે પોતાના ચૂંટણી વાયદાની આર્થિક વ્યાવહારિકતાની માહિતી મતદારોને આપે. આ પત્રમાં તેણે પક્ષો પાસેથી એ બાબતે મંતવ્ય માંગ્યું છે કે ચૂંટણી વાયદાઓને લઈને એક માળખું કેમ ન બનાવવું જોઈએ? તેમાં શંકા છે કે રાજકીય પક્ષો એના પર કોઈ સકારાત્મક પ્રતિક્રિયા આપશે, કારણ કે તે ચૂંટણીઓ સમયે લોકરંજક જાહેરાતો કરીને લોકોને લોભાવવાનો કોઈ અવસર નથી છોડવા માંગતા. આ ક્રમમાં કેટલીય વાર હવાહવાઈ અને એવી ઘોષણાઓ કરી દેવામાં આવે છે, જેને પૂરી કરવી સંભવ નથી હોતું અથવા જે સરકારો માટે એક આર્થિક બોજ બની જાય છે. તેનાં દુષ્પરિણામો અંતે તો જનતા જ ભોગવે છે. એ પણ કોઈથી છૂપું નથી કે જ્યારે પણ લોકરંજક વાયદા પૂરા કરવાના ઉપાયોને લઈને સવાલ ઊઠે છે તો એવા તર્ક આપવામાં આવે છે કે અમે ભ્રષ્ટાચાર પર લગામ લગાવીને સંબંધિત યોજના માટે નાણાં એકત્ર કરીશું. ક્યારેક તો એ વિશે કંઇ કહેવા-જણાવવાની જરૂર જ નથી સમજવામાં આવતી કે પછી નાણાં લઈને જેમ-તેમ કામ ચલાવવામાં આવે છે. એનાથી થાય છે એવું કે રાજ્યોની આર્થિક સ્થિતિ વધુ ખસ્તાહાલ થતી જાય છે. તેનો ઉલ્લેખ હાલમાં ભારતીય સ્ટેટ બેંકના અર્થશાસ્ત્રીઓ દ્વારા જારી રિપોર્ટમાં પણ કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ અનુસાર રેવડી સંસ્કૃતિનું ચલણ આવનાર સમયમાં અર્થવ્યવસ્થા માટે ઘાતક સાબિત થઈ શકે છે. આ રિપોર્ટ એ પણ કહે છે કે રાજ્યોના બજેટમાં દેવાંનો હિસ્સો લગભગ ૪.૫ ટકા સુધી પહોંચી ગયો છે. મુશ્કેલી એ છે કે ચૂંટણીવાળાં રાજ્યોમાં રાજકીય પક્ષો તરફથી લોકરંજક જાહેરાતો કરવાનો સિલસિલો ચાલુ જ છે. જ્યારે કોઈ એક પક્ષ ચૂંટણી લાભ ખાટવા રેવડી આપવાનો વાયદો કરે છે ત્યારે અન્ય પક્ષો પણ આવી જ કોઈ રેવડી આપવા માટે મજબૂર થઈ જાય છે. ચૂંટણી આવતાં આવતાં આ એક હોડમાં પરિણમે છે. રેવડી સંસ્કૃતિનો કેસ સુપ્રીમ કોર્ટ સામે પણ છે, પરંતુ રાજકીય પક્ષો તેના આ પ્રસ્તાવ સાથે સહમત નથી કે આ સંદર્ભે કોઈ વિશેષજ્ઞ પેનલ ગઠિત કરવામાં આવે. સ્પષ્ટ છે કે તેઓ એ જણાવવા તૈયાર નથી કે તેમના દ્વારા કરાતા વાયદા રાજ્ય કે કેન્દ્ર સરકારના આર્થિક માળખાની અંદર ટકાઉ સાબિત થશે. આ સ્થિતિમાં એ જ યોગ્ય છે કે લોભામણા વાયદા સંદર્ભે કોઈ એવી નીતિ બને, જેનાથી રાજકીય પક્ષો ચૂંટણી લાભ મેળવવા માટે એલફેલ જાહેરાતો કરતા અટકે. રાજકીય પક્ષોને તેના માટે જવાબદાર બનાવવા જોઈએ કે તેઓ જે યોજનાઓની જાહેરાત કરી રહ્યા છે, તેના માટે રાજસ્વ ક્યાંથી લાવશે? એ ત્યારે સંભવ થશે, જ્યારે ચૂંટણી પંચને પૂરતા અધિકાર આપવામાં આવશે.

# અમેરિકામાં ૨૦૨૧માં ૩૫ લાખ મહિલાઓએ બંદૂક ખરીદી



વોશિંગ્ટન

અમેરિકા ભલે મહાસત્તા પર હોય પરંતુ તેમના માટે સૌથી મોટી માથાના દુખાવા સમાન જો કોઈ સમસ્યા હોય તો એ ગન કલ્ચરની છે. ભલે અમેરિકન્સ પોતાની સુરક્ષા માટે ગન રાખતા હોય પણ ગન કલ્ચરના કારણે સર્જાતા ગુનાઓના જે આંકડાઓ સામે આવે છે તે ખરેખર ચિંતાજનક છે.અલગ અલગ રિપોર્ટ્સમાં આવેલા ચોંકાવનારા આંકડા જોઈને કહી શકાય કે હવે અમેરિકન્સ ગનનો ઉપયોગ સ્વ-રક્ષાની સાથોસાથ હત્યા કે અન્ય ગુનાઓ માટે પણ કરી રહ્યા છે. થોડા દિવસ પહેલાં જ અમેરિકાના કેલીફોનિયામાં એક પંજાબી પરિવારના મૃતદેહ મળી આવ્યા હતા.

આ તમામ સભ્યોની ગોળી મારીને હત્યા કરી દેવાઈ હતી. જો કે, આ પહેલી વખત નથી બન્યું કે અમેરિકામાં કોઈ વ્યક્તિની ગોળી મારીને હત્યા કરાઈ હોય. અમેરિકામાં તો દર વર્ષે ઘણા બધા લોકોની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવે છે. યુએસ સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (ઝઢઝ)ના રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૨૦માં બંદૂકની ગોળીથી કુલ ૪૫,૨૨૨ લોકોના મૃત્યુ થયા હતા. જો કે, અમેરિકામાં સામુહિક ગોળીબારના કિસ્સાઓ સૌથી વધુ પ્રકાશમાં આવે છે. પરંતુ તેને ટ્રેક કરવા ખૂબ જ મુશ્કેલ બની ગયા છે. જો ભારતીય નાણામાં વાત કરીએ તો અમેરિકામાં માત્ર ૪૦ હજાર રૂપિયામાં માસ શૂટિંગ માટે પ્રચલિત એવી છઇ ૧૫ જેવી રાઈફલ સરળતાથી મળી જાય છે. આમ તો, સમગ્ર વિશ્વની તુલનામાં અમેરિકાની વસતિ માત્ર ૪.૨૫% છે. પણ ગોળીબારીમાં થતાં મૃત્યુમાં અમેરિકાનું પ્રમાણ ખૂબ જ આગળ છે. અમેરિકામાં ૪૪% લોકોનો જીવ તો બંદૂકની ગોળીથી જ થાય છે. અહીં મહિલાઓ કરતા પુરુષો પાસે ગન વધારે છે. પણ જો ૨૦૨૧ની ગણતરી પર નજર કરીએ તો ચોંકાવનારી વિગત સામે આવી હતી. માત્ર ૨૦૨૧ના વર્ષમાં જ ૩૫ લાખ મહિલાઓએ બંદૂક ખરીદી હતી. આમતો અમેરિકામાં તમને લગભગ બધી જ જગ્યાએ બંદૂક મળી જશે. અમેરિકામાં ૫૦ રાજ્યો આવેલાં છે, એ પૈકી માત્ર ૧૦ રાજ્યોમાં જ બંદૂકના વેચાણ પર બેન મુકાયો છે. અહીં વસતા ૫૪% લોકો માને છે કે ગન કલ્ચર એ સૌથી મોટી સમસ્યા છે. જ્યારે માત્ર ૩૪% લોકો જ ઈચ્છે છે કે આના પર કડક કાયદો હોવો જોઈએ.

### વિધાનસભાની ચૂંટણીને લઈ પક્ષો દ્વારા તૈયારી શરૂ

# વલસાડમાં ચૂંટણીનો સર્વે કરતા બે યુવાનોને લોકોએ ફટકાર્યા

વલસાડ

ગુજરાતમાં આ વર્ષે જ વિધાનસભાની ચૂંટણી થવાની છે અને તમામ પક્ષો પૂરજોશમાં તૈયારીઓ કરી રહ્યા છે. મતદારોને રીઝવવાની વાતો અને પ્રચાર શરુ થઈ ગયા છે.

દિલ્હીથી નેતાઓની અવરજવર વધી ગઈ છે. તેવામાં વલસાડના ખંડુજી ટેકરા વિસ્તારમાં બે યુવકો સાથે મારપીટ થતા થતા રહી ગઈ છે. આ બન્ને યુવાનો શર્ટ-ટાઈ પહેરીને ફોર્મલ વસ્ત્રોમાં સજ્જ થઈને લોકોના ઘરે ઘરે જઈને મતદાન બાબતે પ્રશ્નો કરી રહ્યા હતા. તેઓ લોકોને મત કોને આપવાના છો તે પ્રકારના પ્રશ્નો પૂછી રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે બન્ને યુવાનો હિન્દીભાષી હતા.

ઉલ્લેખનીય છે કે પાછલા થોડા સમયથી રાજ્યભરમાં બાળકોને ઉઠાવી જતી ટોળકીનો ભય ફેલાયેલો છે. સોશિયલ મીડિયા પર પણ આ પ્રકારના ઘણાં વીડિયો વાયરલ થાય છે. લોકો પોતાના બાળકોને શાળાએ મોકલતા પણ ડરે છે. આમાંથી ઘણા વીડિયો ખોટા પણ હોય છે અને ઘણી વાતો અફવા પણ હોય છે, પરંતુ પાછલા થોડા સમયથી લોકો સતર્ક થઈ ગયા છે. તેવામાં આ પ્રકારે બે હિન્દીભાષી યુવકોને મતદાનને લગતા પ્રશ્નો પૂછતા જોઈને લોકોને શંકા થઈ હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક જિલ્લા પોલીસ કંટ્રોલરૂમને ફોન કરીને આ વાતની જાણકારી આપી હતી.

વલસાડ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને બન્ને યુવાનોની પૂછપરછ કરી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે બન્ને યુવાનો ઉત્તરપ્રદેશના લખનઉ શહેરથી આવ્યા હતા અને ભારતીય જનતા પાર્ટી માટે સર્વે કરતી એક ખાનગી એજન્સીના કર્મચારી હતા. પોલીસે આ વાતની પૃષ્ટિ કરી ત્યારપછી લોકોએ હાશકારો લીધો હતો અને સમગ્ર મામલો થાળે પડ્યો હતો.

વલસાડના ખંડુજી ટેકરા વિસ્તારમાં સવારના સમયે ફોર્મલ આઉટફિટ્સમાં સજજ બે યુવાનો પહોંચ્યા હતા. તેમણે અહીંના લોકોને સર્વેમાં સામેલ પ્રશ્નો પૂછ્યા હતા. તેઓ હિન્દીમાં પ્રશ્નો પૂછી રહ્યા હોવને કારણે લોકોને શંકા થઈ હતી. સ્થાનિકોની ફરિયાદ મળતા જ શહેરની પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસ ફરિયાદી અને બન્ને કર્મચારીઓને પોલીસ સ્ટેશન લાવ્યા હતા અને તપાસ હાથ ધરવામાં આવી હતી. તેમણે પોલીસને ધ્રુવ એજન્સી નામની ખાનગી સર્વે કરતી કંપનીના આઈકાર્ડ બતાવ્યા હતા. યુવાનોએ ખુલાસો કર્યો કે એજન્સી દ્વારા તેમને મોકલવામાં આવ્યા છે અને તેઓ ભારતીય જનતા પાર્ટી માટે સર્વે કરી રહ્યા છે. આ દરમિયાન વલસાડ પાલિકાના ભારતીય જનતા પાર્ટીના કોર્પોરેટર વિમલભાઈ ગજધર સહિત અન્ય નેતાઓ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા.

### ગ્લોબલ જોબ વેબસાઈટ ઈન્ડિડનો તેના રિપોર્ટમાં દાવો

# ભારતમાં ચાલુ વર્ષે રિટેલ સેક્ટરમાં નોકરીની માંગમાં ઘટાડો નોંધાયો

નવી દિલ્હી

દેશમાં આ વર્ષે રિટેલ સેક્ટરમાં નોકરીની માંગમાં ઘટાડો થયો છે. ગ્લોબલ જોબ વેબસાઈટ 'ઈન્ડિડ'એ તેના રિપોર્ટમાં દાવો કર્યો છે કે ગયા વર્ષની સરખામણીમાં રિટેલ સેક્ટરમાં નોકરી શોધી રહેલા લોકોની સંખ્યામાં લગભગ ૧૧.૮૦ ટકાનો ઘટાડો થયો છે. જો આપણે છેલ્લા ૩ વર્ષ એટલે કે ઓગસ્ટ ૨૦૧૯ થી ઓગસ્ટ ૨૦૨૨ વચ્ચેના રિટેલ સેક્ટરમાં નોકરી શોધનારાઓના ડેટા પર નજર કરીએ તો તેમાં એકંદરે ૫.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. તે જ સમયે, કોવિડ રોગચાળા દરમિયાન એટલે કે ઓગસ્ટ ૨૦૨૦ અને ઓગસ્ટ ૨૦૨૧ વચ્ચે, રિટેલ ક્ષેત્રમાં નોકરી શોધનારાઓની સંખ્યામાં ૨૭.૭૦ ટકાનો વધારો થયો હતો.

ખરેખરનો આ રિપોર્ટ ઓગસ્ટ ૨૦૧૯ અને ઓગસ્ટ ૨૦૨૨ વચ્ચેના ડેટાના વિશ્લેષણના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. રિપોર્ટ અનુસાર, રિટેલ સેક્ટરમાં ૨૨.૯ ટકા નોકરીઓ બ્રાન્ચ મેનેજર, ૧૦.૦૭ ટકા જોબ્સ સેલ્સ એસોસિયેટ, ૯.૫૨ ટકા જોબ સ્ટોર મેનેજર, ૪.૫૮ ટકા જોબ્સ લોજિસ્ટિક્સ એસોસિયેટ અને ૪.૫૮ ટકા મર્ચેન્ડાઈઝરની નોકરીઓ છે. જોબ સીકર્સના દૃષ્ટિકોણથી, સ્ટોર મેનેજર માટે ૧૫ ટકા, રિટેલ સેલ્સ એસોસિયેટ માટે ૧૪.૪ ટકા, કેશિયર માટે ૧૧ ટકા, બ્રાન્ચ મેનેજર માટે ૯.૪૯ ટકા અને લોજિસ્ટિક્સ એસોસિએટ માટે ૯.૦૮ ટકાની માંગ છે.

ઈન્ડીડ ઈન્ડિયાના સેલ્સ હેડ શશી કુમાર કહે છે, ભારતમાં તહેવારોની મોસમ વધતી માંગને પહોંચી વળવા મોસમી રોજગારમાં વધારો કરે છે. આ વધારો ગયા વર્ષ જેટલો નથી, પરંતુ આ વખતે લગભગ ૩૯.૬ ટકા નવી નોકરીઓનું સર્જન થયું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રિટેલ સેક્ટરના રોજગારમાં બેંગલુરુનો સૌથી મોટો હિસ્સો છે, જે લગભગ ૧૨.૨૬ ટકા છે. આ પછી મુંબઈ ૮.૨ ટકા શેર સાથે બીજા ક્રમે અને ચેન્નાઈ ૬.૦૨ ટકા સાથે ત્રીજા નંબરે છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે સૌથી વધુ ૫.૫ ટકા ડિલિવરી નોકરીઓ બેંગલુરુમાં બનાવવામાં આવી હતી, જ્યારે સૌથી વધુ નોકરી શોધનારાઓની સંખ્યા ચેન્નાઈમાં ૬.૨૯ ટકા હતી.

### બે દિવસ પહેલાં બૂલેટ પર જતા ત્રણ યુવકોને કારે ટક્કર મારી હતી

# બૂલેટને ટક્કર મારી એકના મોત કેસમાં બે શખ્સોની ધરપકડ

અમદાવાદ

અમદાવાદ શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં બે દિવસ પહેલાં બુલેટ બાઈક પર જઈરહેલા ત્રણ યુવકોને એક કારચાલકે ભયંકર ટક્કર મારી હતી. જેમાં એક યુવકનું મોત થયુ હતુ. બુલેટ બાઈકને એટલી જોરદાર ટક્કર મારી હતી કે તે થાંભલામાં ઘૂસી ગયુ હતુ અને પડીકુ વળી ગયુ હતુ. ટક્કર મારીને હત્યા નીપજાવીને આરોપીઓ ફરાર થઈ ગયા હતા. ત્યારે પોલીસે આ હત્યા કેસના બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. મહત્વનું છે કે, એ સમયે ઘટના સ્થળેથી પોલીસને એક જીવતો કારતૂસ મળ્યો હતો. તો બીજી તરફ, આરોપીઓનું કહેવું છે કે, તેમની પાસે કોઈ હથિયાર નહોતું. તો પછી આ જીવતો કારતૂસ આવ્યો ક્યાંથી, એ સવાલ ઉભો થયો છે. શું બુલેટ બાઈક પર જઈ રહેલા ત્રણમાંથી કોઈની પાસે હથિયાર હતું એવી શંકા પણ ઊભી થઈ છે. ત્યારે આ જીવતા કારતૂસનું રહસ્ય ગૂંચવાયું છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, વસ્ત્રાલમાં બે દિવસ પહેલાં બુલેટ બાઈક પર ત્રણ સવારી જઈ રહેલા યુવકોને એક કારચાલકે ભયંકર ટક્કર મારી હતી. જેમાં એક યુવકનું મોત નીપજ્યુ હતુ. તો બુલેટ બાઈકને એટલી ભયંકર ટક્કર મારી હતી કે તે વીજળીના થાંભલામાં ઘૂસી ગયુ હતુ અને પડીકુ વળી ગયુ હતુ. આ દ્રશ્યો જોઈને પબ્લિક પણ ચોંકી ગઈ હતી. તો ઘટના સ્થળે પહોંચેલી પોલીસને એક જીવતો કારતૂસ પણ મળ્યો હતો. આ મામલે પોલીસે તપાસ હાથ ધરીને બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પણ કારતૂસનું રહસ્ય હજુ ઉકેલાયું નથી.પોલીસે આ હત્યા કેસમાં સંગ્રામસિંહ અને શિવમ ઉર્ફે કાકુની ધરપકડ કરી છે.

પોલીસ પૂછપરછમાં ખુલાસો થયો કે, રુપિયાની લેતી દેતીમાં તેઓએ આ ઘટનાને અંજામ આપ્યો હતો. વટવા વિસ્તારમાં રહેતા મૌલિક જોશી, મિત્ર રાજન અને શુભમ બુલેટ બાઈક પર જઈ રહ્યા હતા. તેઓ એક મિત્રની બર્થડે પાર્ટી ઉજવીને બુલેટ બાઈક પર પરત ફરી રહ્યા હતા. એ સમયે સંગ્રામસિંહ અને શિવમે કારથી બુલેટ બાઈકને ટક્કર મારી હતી. જેમાં મૌલિક જોશીનું મોત નીપજ્યુ હતુ. જ્યારે રાજન અને શુભમને ઈજાઓ થઈ હતી.

બનાવની જાણ પોલીસને થતા ઘટના સ્થળે પહોંચી હતી. જ્યાંથી પોલીસને એક જીવતો કારતૂસ મળ્યો હતો. જેથી પોલીસને એવી શંકા હતી કે આરોપીઓ પાસે કોઈ હથિયાર હશે. પરંતુ આરોપીઓએ પોલીસ પૂછપરછમાં એવું જણાવ્યું કે, તેઓની પાસે કોઈ રિવોલ્વર કે પિસ્તોલ નહોતી. ત્યારે હવે પોલીસને એવી શંકા છે કે આરોપીઓ પાસે કોઈ હથિયાર નહોતું તો શું બુલેટ બાઈક પર જઈ રહેલાં ત્રણ યુવકોમાંથી કોઈની પાસે હથિયાર હતું. જેથી પોલીસે ઈજાગ્રસ્ત યુવકોની પૂછપરછ હાથ ધરી છે.પોલીસની પૂછપરછમાં એવું સામે આવ્યું કે, સંગ્રમસિંહ અને રાજન વચ્ચે છેલ્લાં કેટલાક સમયથી રુપિયાની માથાકૂટ ચાલતી હતી. વીસીના દસ લાખ રુપિયાને લઈ તેઓ વચ્ચે ઝઘડો થયો હતો. એટલું જ નહીં હત્યાને અંજામ આપનારા બંને આરોપીઓ વિરુદ્ધ અગાઉ પણ કેસ થયેલો છે. ત્યારે રામોલ પોલીસે બંને આરોપીઓને ઝડપી પાડીને આગળની તપાસ હાથ ધરી છે.

### સુરેન્દ્રનગરમાં ખનીજ માફિયા થયા બેફામ

# થાનમાં મામલતદારની ટીમે પાડ્યા દરોડા, ખનીજ ચોરોમાં ફેલાયો ફફડાટ

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગર જિલ્લામાં ગેરકાયદે ખનીજ ચોરીનું દૂષણ વકર્યું છે.

સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તંત્રની રહેમ નજર હેઠળ ખનીજ ચોરી થતી હોવાની રાવ ઉઠવા પામી છે. જેને લઈને કલેકટર એકશન મોડમાં આવ્યા છે. કલેકટરના આદેશ બાદ ખનીજ ચોરી પર દરોડા પાડવામાં આવતા ખનીજ ચોરોમાં ફફડાટ ફેલાયો છે.

સુરેન્દ્રનગર જિલ્લાના પેટાળમાં અખૂટ ખનીજ ભંડાર આવેલો છે. જેમાં ખનીજ કોલસો, રેતી અને કાર્બોસેલ મળી આવે છે. તો ધ્રાંગધ્રા પંથકમાં માટી મળી આવે છે. ત્યારે અલગ-અલગ વિસ્તારોમાં ખનીજ ચોરી કરવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સુરેન્દ્રનગરના થાનગઢ વિસ્તારમાં મોટા પાયે ખનીજની ચોરી થઈ રહી હોવાની ફરિયાદો ઉઠતા કલેકટર એકશનમાં આવ્યા હતા. તેમણે ખનીજ માફિયાઓ સામે કાર્યવાહી કરવાના આદેશો આપ્યા હતા.

કલેકટરના આદેશ બાદ ખનીજ ચોરી પર મામલતદારની ટીમે દરોડા પાડ્યા હતા. આ દરમિયાન મામલતદારને ખનીજ ચોરો હાથ લાગ્યા નહતા.

દરોડામાં તંત્રએ થોડી કાર્યવાહી કરીને ખનીજ જપ્ત કરીને સંતોષ માની લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ અગાઉ મોરબી જિલ્લાના હળવદ તાલુકાના બ્રાહ્મણી ડેમ પાસેથી ૨ ડમ્પર રેતી ભરેલા રોયલ્ટી વિના ઝડપી પાડ્યા હતા. તાલુકામાં ખનીજ માફિયાઓ બેફામ ખનીજ ચોરી કરીને સરકારી તિજોરીને નુકસાન પહોંચાડી રહ્યા હોવાનું પ્રાંત અધિકારીને ધ્યાનમાં આવતા તેમણે કાર્યવાહી કરી હતી. જેમાં તેઓએ ૨ ડમ્પર રેતી ભરેલા રોયલ્ટી વિના ઝડપી પાડીને રૂપિયા ૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને હળવદ પોલીસની હવાલે કર્યો હતો. ખનીજ ચોરીના દરોડા પડતા અન્ય ખનીજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો.

### અમદાવાદમાં ઘણાં સમયથી કેફે કલ્ચર શરુ

# શીલજમાં અડધીરાતે મોટેથી મ્યુઝિક વગાડવા બદલ કાફે માલિક-ડીજે સામે ફરિયાદ

અમદાવાદ

વીકેન્ડ પર મોટાભાગના લોકો બહાર ફરવા નીકળતા હોય છે. અમદાવાદમાં પાછલા ઘણાં સમયથી કેફે કલ્ચર શરુ થયું છે. યુવાનો મોટાભાગે મિત્રો સાથે કેફેમાં જઈને સમય પસાર કરવાનું પસંદ કરતા હોય છે. રવિવારના રોજ અમદાવાદ શહેરની બોપલ પોલીસ દ્વારા શિલજ વિસ્તારમાં આવેલા આવા જ એક કેફેના માલિક તેમજ ડીજે વિરુદ્ધ એફઆઈઆરદાખલ કરી છે. પોલીસ દ્વારા ચેતવણી આપી હોવા છતાં આ લોકો અડધી રાતે મોટેથી સંગીત વગાડતા હોવાને કારણે કાર્યવાહી કરવામાં આવી છે. બોપલ પોલીસ સ્ટેશનમાં દાખલ એફઆઈઆરઅનુસાર, આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર રમેશ ચતુર અન્ય બે પોલીસકર્મીઓ સાથે નાઈટ પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તે સમયે તેમને કંટ્રોલ રુમમાંથી મેસેજ મળ્યો કે કેફેમાં અત્યંત મોટેથી મ્યુઝિક વાગી રહ્યું છે.

રમેશ ચતુરે એફઆઈઆરમાં નોંધાવ્યું છે કે, ડેમરૂકેફેનજીકના ફ્લેટમાં રહેતા એક વ્યક્તિએ પોલીસ કંટ્રોલ રુમમાં ફોન કર્યો હતો અને ઘોંઘાટની ફરિયાદ કરી હતી. રમેશ ચતુર રવિવારની રાત્રે લગભગ બે વાગ્યે પોતાની ટીમ સાથે કેફે પહોંચ્યા હતા. તેમણે જોયું કે ડીજે અત્યંત મોટા અવાજ સાથે મ્યુઝિક વગાડી રહ્યો છે. રમેશ ચતુરે ફરિયાદમાં જણાવ્યું કે તેમણે કેફેના માલિક અને ડીજેને આ ઘોંઘાટ બંધ કરવાનું જણાવ્યુ હતું. કેફેના માલિકની ઓળખ ગાંધીનગરના કલોલમાં રહેતા વીર કેવલ તરીકે થઈ છે જ્યારે ડીજે શાહ-એ-આલમ વિસ્તારમાં રહેતો શમશેર ખાન નામનો વ્યક્તિ છે.

પોલીસ આ આદેશ આપીને જતી રહી પરંતુ લગભગ ૩.૪૦ વાગ્યે તેમને ફરીથી ફરિયાદ મળી કે હજી પણ અહીં મ્યુઝિક વાગી રહ્યું છે અને આસપાસના લોકો પરેશાન થઈ રહ્યા છે. ફરી એકવાર પોલીસની ટીમ કેફે પહોંચી અને વીર કેવલ તેમજ શમશેર ખાન વિરુદ્ધ આઈપીસીના સેક્શન ૨૯૦, ૨૯૧, ૧૮૮ અને ૧૧૪ અંતર્ગત ગુનો દાખલ કર્યો.

ઈન્સ્પેક્ટર એ.પી.ચૌધરી જણાવે છે કે, આ કેફે એક ખુલ્લી જગ્યામાં ચાલે છે અને અહીં લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાની મંજૂરી પણ લેવામાં નથી આવી.

એ.પી. ચૌધરીએ વધુમાં જણાવ્યું કે. ખુલ્લી જગ્યામાં આટલા મોટેથી મ્યુઝિક વાગતું હોવાને કારણે આસપાસના લોકોને તકલીફ પડતી હતી. આ ઘોંઘાટ બંધ કરાવવા માટે તેમણે પોલીસને જાણ કરી અને અમે કેફેના માલિક તેમજ ડીજે વિરુદ્ધ કાર્યવાહી કરી છે.

# સુરતમાં બે દિવસમાં હત્યાના ત્રણ બનાવોથી ભયનો માહોલ

સુરત

ડાયમંડ નગરી સુરત શહેર હવે ગુનાખોરી નગરી તરીકે પણ ઓળખ ધરાવી રહી છે. છેલ્લા ૪૮ કલાકમાં સુરતમાં ત્રણ જેટલી હત્યાઓને અંજામ આપવામાં આવી છે. આ ઘટનાને પગલે ઉપરી અધિકારી અને પોલીસની ટીમ દોડતી થઈ છે. એક પછી એક હત્યાએ પોલીસની ઉંઘ હરામ કરી નાખી છે.

સુરતના રુદરપુરા વિસ્તારમાં બે સગા ભાઈઓ પર જીવલેણ હુમલો થયાની ઘટના સામે આવી છે, જેમાં એક ભાઈનું મોત થયું છે. ગત રોજ વહેલી સવારે સાત વાગ્યાના સમયગાળા દરમિયાન રૂદરપુરા પોલીસલાઈન પાસે દાતાર ગેરેજની બાજુમાં જાહેર રોડ પર બે સગા ભાઈ પર જીવલેણ હુમલો કરાયો હતો. માવિયા મોહમ્મદ હબીબ કચ્છી અને તેના ભાઈ યામીન કચ્છી પર ત્રણ જેટલા યુવકો આવીને ગાળાગાળી કરી હુમલો કર્યો હતો. ઈમરાન મુલ્લા, સાહિલ મુલ્લા અને હબીબ ઈસ્માઈલ શેખ દ્વારા જાહેરમાં ચપ્પુ વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં સારવાર દરમિયાન બે ભાઈમાંથી યામીન મોહમ્મદ હબીબ કચ્છીનું મોત નીપજ્યું છે.

હીરાના કારખાનામાં મજૂરી કામ કરી રહેલ ગુડુરામ બહાદુરરામની અજાણ્યા શખ્સ દ્વારા હત્યા કરી દેવામાં આવી છે. ગુડુરામ મોડી રાત્રે અંદાજે સાડાબાર વાગ્યાની આસપાસ કારખાનામાંથી ઘર તરફ જઈ રહ્યો હતો. ત્યારે અજાણ્યા શખ્સોએ તેની પર જીવલેણ હુમલો કરી ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી ફરાર થઈ ગયા હતા. પંડોળમાં રત્નકલાકાર યુવકની હત્યા થઈ હોવાની જાણ ચોક બજાર પોલીસને થતા જ પોલીસનો કાફલો મોડી રાત્રે ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મરનાર યુવક ગુડુરામ બહાદુર રામના મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ મોકલી આપી ઘટના અંગેની તપાસમાં જોડાઈ ગયા હતા. બાદમાં વિગત જાણવા મળી હતી કે ગુડુ રામ બિહારના દરભંગાનો રહેવાસી છે. તે છેલ્લા ઘણા સમયથી કામકાજના અર્થે સુરત આવ્યો હતો. સુરતમાં હીરાના કારખાનામાં મજૂરી કામ કરતો હતો અને હોટલોમાં પણ છૂટક કામ કરતો હતો. યુવકના શરીર પર ચપ્પુના હુમલાના ઘા જણાય આવ્યા હતા. પોલીસે હત્યાનો ગુનો તો નોંધ્યો છે પરંતુ હત્યા કયા કારણોસર થઈ અને કોણે કરી તે જાણી શકાયું નથી. જેને લઈ પોલીસ ઘટનાને અંજામ આપનાર હત્યારા સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે.સુરતના લાલ ગેટ વિસ્તારની. જ્યાં લીમડા ચોક વિસ્તારમાં મોડી રાતે અરવિંદ નામનો યુવાન બેગ લઈને ફૂટપાથ ઉપર સુઈ રહ્યો હતો. દરમિયાન ત્રણ જેટલા ઈસમો આ યુવાન પાસે આવ્યા હતા અને તેને જમવાનુ આપ્યું હતું. જો કે જમવા બાબતે અરવિંદ અને અન્ય યુવાન વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેમાં જોત જોતામાં અરવિંદ કોળી પટેલે રસ્તા પર પડેલું લાકડું હાથમાં ઊંચક્યું હતું. અને લાકડા વડે અન્ય યુવાનના માથામાં હુમલો કર્યો હતો. ત્રણ ત્રણ વાર લાકડા વડે હુમલો કરતા આખરે લાકડું પણ તૂટી ગયું હતું અને યુવાનનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ આરોપી ત્યાંથી ભાગી છુટ્યો હતો.

આ ઘટનાની જાણ થતા જ લાલ ગેટ પોલીસ તેમજ ઉપરી અધિકારીનો કાફલો ઘટના સ્થળે દોડી આવી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. પોલીસે સીસીટીવી ફૂટેજની મદદથી આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી.

# વડાપ્રધાન મોદીએ ભરૂચના આમોદથી રૂ. ૮૦૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રકલ્પોના ખાતમૂર્હત-લોકાર્પણ કર્યા

આમોદ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈએ ભરૂચ જિલ્લાના આમોદ ખાતેથી રાજયના પ્રથમ બલ્ક ડ્રગ પાર્કના શિલાન્યાસ સહિત રૂ. ૮૨૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ-ખાતમૂર્હત સંપન્ન કર્યા હતા.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જંબુસરમાં અંદાજે રૂ. ૨૫૦૬ કરોડના ખર્ચે નિર્માણ થનાર રાજ્યના સર્વ પ્રથમ સુવિધાયુક્ત બલ્ક ડ્રગપાર્કનું ખાતમુહૂર્ત કરવા સાથે દહેજમાં રૂ.૫૬૮ કરોડના ખર્ચે નિર્માણ થનાર ડીપ-સી પાઈપલાઈન પ્રોજેક્ટ,રૂ. ૩૦ કરોડના ખર્ચે અંકલેશ્વર અને પાનોલીમાં નિર્માણ થનાર મલ્ટીલેવલ ઔધોગિક શેડ તથા રૂ.૧૦૦ કરોડના ખર્ચે અંકલેશ્વર એરપોર્ટ ફેઝ - ૧ કામગીરીનું પણ ખાતમુહૂર્ત કરીને ગુજરાતને વિકાસની વધુ એક ભેટ આપી છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત સરકારના જાહેર સાહસ ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સના રૂ.૪૧૦૫ કરોડના વિવિધ વિસ્તરણ પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા. ય્છઝ઼ના આ વિવિધ પ્લાન્ટ થકી દેશના અમૂલ્ય વિદેશી હૂંડિયામણની બચત થવા સાથે રાષ્ટ્રને "આત્મનિર્ભર ભારત" ની દિશા તરફ આગળ વધવામાં મદદ કરશે. આ સાથે નેશનલ એલ્યુમિનિયમ કંપની લિમિટેડ (નાલ્કો) સાથેના સંયુક્ત સાહસ જીએસીએલ-નાલ્કો આલ્કલીઝ એન્ડ કેમિકલ્સપ્રાઈવેટ લિમિટેડ (જીએનએએલ) પણ રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. તેમણે બનાસકાંઠા જિલ્લાના મુડેઠામાં રૂ.૭૦.૮૭ કરોડના ખર્ચે નિર્માણ થનાર એગ્રો ફૂડ પાર્ક, ભરૂચ જિલ્લાના વાલીયા, છોટાઉદેપુરના વનાર, દાહોદના ચાકલીયા અને બનાસકાંઠાના અમીરગઢમાં રૂ. ૧૨૭.૫૮ કરોડના ખર્ચ નિર્માણ પામનાર ચાર ટ્રાઈબલ ઔધોગિક પાર્ક, વલસાડ જિલ્લાના કઠવાડી - દાંતી ખાતે રૂ.૮૯.૯૮ કરોડના ખર્ચ આકાર લેનાર સી - ફૂડ પાર્ક તથા મહીસાગર જિલ્લાના ખાંડીવાવ ખાતે રૂ.૧૭૬.૯૪ કરોડના ખર્ચ સ્થાપનાર એમએસએમઇ પાર્કનું ભૂમિપૂજન કર્યું હતું.

ભરૂચ શહેરમાં રૂ.૧૧૭.૫૩ કરોડના ખર્ચે આકાર પામેલ ભૂગર્ભ ડ્રેનેજ અને એસ.ટી.પી, રૂ.૪૨ કરોડના ખર્ચે નિર્માણ થયેલ ઉમલા-અસા-પાનેઠા માર્ગ અને રૂ.૩૧૫કરોડના ખર્ચે આઈઓસીએલ દ્વારા નિર્મિત દહેજ-કોયલી પાઈપલાઈનનું પણ લોકાર્પણ કર્યું હતું. વડાપ્રધાનશ્રીએ ગુજરાત અને દેશના વિકાસમાં ભરૂચની મહત્વપૂર્ણ ભૂમિકાનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. આ સંદર્ભે તેમણે કહ્યું કે, એક સમયે ખારી શીંગ માટે ઓળખાતા ભરૂચ જિલ્લાએ હવે ઉદ્યોગો, બંદરો, વ્યાપાર ઉદ્યોગોથી વૈશ્વિક ઓળખ મેળવી છે.

નર્મદા તટ પરની આ પવિત્ર ભૂમિના સંતાનો કનૈયાલાલ મુનશી, પંડિત ઓમકારનાથ શાસ્ત્રી જેવા મહાનુભાવોએ ભરૂચ સાથે ગુજરાતને પણ ગૌરવ અપાવ્યું છે.



ઔધોગિક ગતિ-પ્રગતિમાં શિરમૌર રહેલા ભરૂચ અને અંકલેશ્વરનો વિકાસ ટવીન સિટી મોડેલ આધારિત થઈ રહ્યો છે એમ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાનશ્રીએ તેમના ત્રણ દિવસના પ્રવાસ દરમિયાન કરેલા વિકાસકામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કામોમાં ફાળવેલા નાણાં ભૂતકાળની સરકારોના કુલ વાર્ષિક બજેટ જેટલા હોવાનું જણાવી ઉમેર્યું કે, નરેન્દ્ર અને ભૂપેન્દ્ર સરકાર એમ ડબલ એન્જીન સરકારના પરિણામે રાજ્યમાં વિકાસ કામો મોટાપાયે અને તીવ્ર ગતિએ પૂર્ણ થાય છે. બે દાયકા પહેલાં રાજ્યની ઓળખ વેપારી રાજ્યની હતી.












Printer / Publisher / Owner & Editor : NIKITA R. SAXENA ● Printed At :- PAVANPUTRA OFFSET., G.I.D.C., SECTOR-28, GANDHINAGAR, GUJARAT - 382028
Published - 45, KONARK SOCIETY, NEAR, SUNDARAM COMPLEX, EX. JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD - 380019.